Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# જામનગર જિલ્લામાં બ્રાસપાર્ટસ ઉદ્યોગોનો ઉદ્‌ભવ અને વિકાસ

ઝાપડિયા હરદિપ એ.
**(M.A., M.Phil., GSET)**

**સારાંશ :-**

ઉદ્યોગએ દેશના આર્થિક વિકાસમાં ખુબ જ મહત્વનો ફાળો આપે છે. ભારતમાં મુખ્યત્વે બ્રાસપાર્ટ ઉદ્યોગ પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં સ્થપાયેલ જોવા મળે છે. તેમાંથી ગુજરાતનો બ્રાસપાર્ટ ઉદ્યોગ સમગ્ર દેશની ૭૦% બ્રાસપાર્ટની માંગ સંતોષે છે. ગુજરાતમાં મુખ્યત્વે જામનગર જિલ્લામાં બ્રાસપાર્ટ ઉદ્યોગનો વિકાસ ખુબ જ મોટા પાયે થયેલ છે. અહિના બ્રાસપાર્ટસ ઉદ્યોગમાં અસંખ્ય આઇટમો બનાવવામાં આવે છે. જેમાં મુખ્યત્વે બિલ્ડિંગ હાર્ડવેર, સેનેટરી અને બાથરૂમ ફિટિંગ્સ, બૉલપેન પાર્ટસ, ઇલેક્ટ્રોનીક્સ અને ઈલેક્ટ્રીકલ એસેસરીઝ, ઓટોપાર્ટસ, સાયકલ ટ્યુબ વાલ્વ, કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા સાધનો માટેનાં પાર્ટસ, બ્રાસ જ્વેલરી અને સ્ટવ અને પેટ્રોમેક્સ પાર્ટસ વગેરેનું ઉત્પાદન કરવામાં આવે છે.

**મહત્વના શબ્દો** :- ઉદ્યોગ, બ્રાસ, એસોસિએશન,રોજગારી.

**પ્રસ્તાવના :-**

સૌપ્રથમ જામનગરમાં બ્રાસપાર્ટસનું કારખાનું 1952 માં સ્થાપવામાં આવેલ હતું. અને પછી ઉત્તરોતર તેમાં વધારો થયેલ જોવા મળ્યો છે. 1979-80 માં 1200, 1994 માં 3500 અને વર્તમાનમાં 4500 જેટલા કારખાના બ્રાસપાર્ટસનું ઉત્પાદન કરે છે. ઉદ્યોગોનાં વિકાસમાં બ્રાસપાર્ટ ઉદ્યોગ એ ખુબ જ ઝડપી વિકાસ પામતો ઉદ્યોગ છે. બ્રાસપાર્ટ એટલે પિત્તળમાંથી બનાવવામાં આવતા જુદા-જુદા સ્પેરપાર્ટ. જેમાં સ્ટોપર, ડોર અને વિન્ડો હેંગ, સોકેટપીન, બેટરી ટર્મિનલ, કેબલ ગ્લાન્ડ, ઓટોમોબાઈલ, સાયકલ ટ્યૂબવાલ્વ વગેરેનો સમાવેશ થાય છે. આથી બ્રાસપાર્ટ ઉદ્યોગએ વિકાસના પાયાનાં ઉદ્યોગોમાનો એક છે.

**સંશોધનનાં હેતુઓ :-**

૧. જામનગરમાં બ્રાસપાર્ટ્સ ઉદ્યોગનો ઉદ્દભવ અને વિકાસનો જાણવો.

૨. જામનગરમાં અન્ય ઉદ્યોગની તુલનાએ બ્રાસપાર્ટ્સ ઉદ્યોગમાં રોજગારીનું પ્રમાણ જાણવું.

## સંશોધન પધ્ધતિ :-

પ્રસ્તુત સંશોધન પેપરમાં વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ તથા ગૌણ માહિતીનો ઉપયોગમાં કરવામાં આવ્યો છે.

## સંદર્ભ સાહિત્યની સમીક્ષા :-

### (1) Dr. Rajesh Faldu (June-2018)

**Study of Marketing challenges faced by Extrusion companies in brass parts industry** નામના સંશોધન પેપરમાં સંશોધકે બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગમાં એક્સટ્રેઝન કંપનીઓ દ્વારા સામનો કરવામાં આવતા માર્કેટિંગ પડકારોનો અભ્યાસ વિશે વિગતે ચર્ચા કરી છે. પ્રસ્તુત સંશોધનમાં બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગમાં પસંદ કરેલ એક્સટ્રેઝન કંપનીઓ દ્વારા કરવામાં આવતા માર્કેટિંગ પડકારો શોધવા અને માર્કેટિંગ પડકારોને દુર કરવાના પગલા સૂચવવા એ હેતુ રહેલ છે.

પ્રસ્તુત સંશોધનમાં જોવા મળ્યું કે ૫૬% માલિકો સહમત છે કે કંપની માટે ગુણવત્તા જાળવવી એ એક પડકાર છે. ૭૬% બહુમતીમાં જાણ્યું કે ડિફોલ્ટ કંપની માટે ચુકવણી એ એક પડકાર છે અને ૮૪% બહુમતીમાં જાણવા મળ્યું કે મજુર બળ જાણવણી એ એક પડકાર છે. મોટાભાગની કંપનીઓએ તે સંમતી આપી છે કે પ્રમોશનલ પ્રવૃતિઓથી તેમનું વેચાણ વધ્યું છે.

### (2) Dr. Darshna H. Pandya , Dr. Javed Ghumra (August-2016)

"Effect of factory work on health of workers in brass industry" નામના પ્રોજેક્ટમાં સંશોધકે બ્રાસ ઉદ્યોગમાં ફેક્ટરી કાર્યની કામદારોના આરોગ્ય પર અસર અંગે વિસ્તૃત ચર્ચા કરી છે. જેમાં જામનગરમાં બ્રાસ ઉદ્યોગના વિવિધ વિભાગમાં કામ કરતા કામદારોની આરોગ્યની સ્થિતિનો અભ્યાસ કરવો એ હેતુ રહેલ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

પ્રસ્તુત અભ્યાસમાં નમુના તરીકે બ્રાસ ઉદ્યોગમાં કામ કરતા કારીગરોમાંથી એક વર્ષ કરતા વધારે સમય કારખાનામાં કામ કરતા અને તેમની ઉંમર, જાતિ, અને ધર્મને ધ્યાનમાં લીધા વગર સર્વે અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

પ્રસ્તુત અભ્યાસમાં જામનગર શહેરની બ્રાસ ફેક્ટરીના કુલ ૨૦૦ કામદારોનો સર્વે કરવામાં આવ્યો હતો. તેમાંથી ૩૧ લોકો ફાઉન્ડ્રી કામ કરતા હતા અને બાકીના ૧૬૯ ઉત્પાદન ક્ષેત્રે કામ કરતા હતા. જેમાં ૮૬% કામદારો ૧૯ થી ૬૦ વર્ષની વયના હતા, ૮% કામદારો ૬૦ વર્ષથી વધારે વયના હતા, અને ૬% કારીગરો ૧૮ વર્ષથી ઓછી વયના હતા. કુલ નમૂનાના ૫૨% કારીગરો ૧૦ વર્ષથી ઓછો સમય બ્રાસ ફેકટરીમાં કામ કરતા જયારે ૪૮% કામદારો ૧૦ વર્ષ કરતા વધારે સમય ફેકટરીમાં કામ કરતા હતા. કુલ કામદારોના માત્ર ૧૨% કામદારોની આરોગ્યની સ્થિતિ સારી હતી જયારે ૮૮% કામદારો વિવિધ પ્રકારની શારીરિક સમસ્યાઓથી પીડાયેલ હતા. જેમાં ૪૦% એનીમિયા, ૨૨% મસ્ક્યુંલોસ્કેલેટલ સમસ્યાઓ, ૨૦% ગેસ્ટ્રો આંતરડાની સમસ્યાના લક્ષણોનો સમાવેશ કરવામાં આવે છે.


## જામનગરમાં બ્રાસપાર્ટસ ઉદ્યોગનો ઉદ્દભવ અને વિકાસ :-

જામનગરના બ્રાસપાર્ટ ઉદ્યોગની શરૂઆત ભારત દેશની આઝાદી પહેલા ગણી શકાય. સૌપ્રથમ બ્રાસપાર્ટ ઉદ્યોગની સ્થાપના ૧૯૪૪-૪૫ના સમયગાળામાં થઈ અને ત્યારબાદ તબક્કાવાર ૧૯૫૬-૫૭ માં તેનો વિકાસ થયો. જામનગરમાં બ્રાસપાર્ટ ઉદ્યોગની સ્થાપના પહેલા મોલ્ડિંગ પાવડરમાંથી બનતા બટન બનાવવાનો ઉદ્યોગ ચાલતો હતો. બ્રાસપાર્ટ ઉદ્યોગના વિકાસમાં ખાસ કરીને સુથાર જ્ઞાતિનું મહત્વનું યોગદાન રહેલ છે. આમ બ્રાસપાર્ટ ઉદ્યોગનો વિકાસ ખૂબ જ ઝડપી થયો છે.

| Sr. no. | Year | No. of units |
|---|---|---|
| 1 | 1952 | 1 |
| 2 | 1954-55 | 15 |
| 3 | 1960-61 | 250 |
| 4 | 1967-68 | 700 |
| 5 | 1979-80 | 1200 |
| 6 | 1988 | 3000 |
| 7 | 1994 | 3500 |
| 8 | 1998 | 4500 |
| 9 | 2002 | 4000 |
| 10 | At present | 4500 |

Sources : Indian Engineering Exports –April 2008, Page No.40)

**આલેખ દ્વારા રજૂઆત :-**




**આલેખની સમજૂતી :-**

ઉપરોક્ત આલેખમાં જામનગર જિલ્લામાં બ્રાસપાર્ટસ એકમોમાં થયેલ વૃધ્ધિ જોવા મળે છે. સૌપ્રથમ 1952 માં 1 એકમની સ્થાપના કરવામાં આવી હતી. 1954-55 માં તે વધીને 15 એકમો થયા હતા. પછી તેમાં ઉત્તરોતર વધારો થતો જોવા મળે છે. 1960-61 માં 250 એકમો અને 1967-68 માં 700 એકમો શરૂ થયા હતા. 1988 માં 3000 અને 1994 માં 3500 જેટલા એકમો કાર્યરત થયા હતા. આમ આ સમયગાળા દરમિયાન ઉદ્યોગનો વિકાસ ખૂબ જ ઝડપી થયો હતો. ગુજરાતમાં જાંમનગરને બ્રાસપાર્ટસનું હબ માનવામાં આવે છે. ત્યારબાદ 2002 માં 4000 એકમો અને હાલમાં 4500 એકમો બ્રાસપાર્ટસનું ઉત્પાદન કરે છે. આમ, જામનગરના બ્રાસપાર્ટસ ઉદ્યોગે આખા વિશ્વમાં પોતાની વિશેષ છાપ ઊભી કરી છે.

VIDHYAYANA
Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

જામનગરમાં અન્ય ઉદ્યોગની તુલનામાં બ્રાસપાર્ટસ ઉદ્યોગમાં રોજગારીનું પ્રમાણ:-

| ક્રમ | ઉદ્યોગનું નામ | રોજગારી સર્જન | હિસ્સો (%) |
|---|---|---|---|
| 1 | ખાદ્યપદાર્થ ઉદ્યોગ | 4735 | 8.92 |
| 2 | ઠંડા પીણાં, તમાકુ અને તેં બનાવટો | 342 | 0.64 |
| 3 | સુતરાઉ કાપડ ઉદ્યોગ | 434 | 0.82 |
| 4 | હોઝિયરી એન્ડ ગારમેન્ટ્સ | 1713 | 3.23 |
| 5 | વૂડ પ્રોડક્ટ | 956 | 1.80 |
| 6 | પેપર પ્રોડકસ એન્ડ પ્રિન્ટિંગ | 457 | 0.86 |
| 7 | લેધર પ્રોડક્ટ | 43 | 0.08 |
| 8 | રબર અને પ્લાસ્ટિક પ્રોડક્ટ | 3014 | 5.68 |
| 9 | કેમિકલ્સ અને કેમિકલ્સ પ્રોડક્ટ | 1076 | 2.03 |
| 10 | નોન-મેટલીક મિનરલ પ્રોડક્ટ | 2350 | 4.42 |
| 11 | બેઝિક મેટલ્સ | 6747 | 12.70 |
| 12 | બ્રાસપાર્ટસ ઉદ્યોગ | 19033 | 35.85 |
| 13 | મશીનરી એન્ડ સ્પેરપાર્ટ્સ ઉદ્યોગ | 2007 | 3.78 |
| 14 | ઇલેક્ટ્રિક મશીનરી | 484 | 0.92 |
| 15 | ટ્રાન્સપોર્ટ્સ ઇક્વિપમેન્ટ્સ | 2307 | 4.34 |
| 16 | પરચુરણ ઉત્પાદકીય ઉદ્યોગ | 790 | 1.49 |
| 17 | રિપેરિંગ સર્વિસિગ | 4222 | 7.95 |
| 18 | અન્ય ઉદ્યોગ | 2360 | 4.44 |
| | કુલ | 53097 | 100.00 |

સ્ત્રોત :- જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જામનગર

**કોષ્ટકની સમજૂતી :-**

ઉપરોક્ત કોષ્ટકમાં જામનગર જિલ્લામાં આવેલ જુદા જુદા ઉદ્યોગો અને તેમ રોજગારીનું પ્રમાણ અને ટકાવારી દર્શાવવામાં આવેલ છે. જેમાં ખાદ્યપદાર્થ ઉદ્યોગમાં 4735 લોકો રોજગારી મળી રહે છે અને 8.92 % લોકો આ ઉદ્યોગ સાથે જોડાયેલા છે. સુતરાઉ કાપડ ઉદ્યોગમાં 434, હોઝિયરી એન્ડ ગારમેન્ટ્સ માં 1713, વૂડ પ્રોડક્ટમાં 956 લોકોને રોજગારી મળી આપે છે. સૌથી વધારે રોજગારી આપતા ઉદ્યોગોમાં બ્રાસપાર્ટસ ઉદ્યોગ મોખરાનું સ્થાન ધરાવે છે, જેમાં 19033 લોકોને રોજગારી આપે છે અને કુલ ટકાવારીના 35.52% લોકો આ ઉદ્યોગમાંથી રોજગારી પ્રાપ્ત કરે છે. ત્યારબાદ બેઝિક મેટલ્સ – 6747, રબર અને પ્લાસ્ટિક ઉદ્યોગ-3014, રિપેરિંગ સર્વિસમાં- 4222 લોકોને રોજગારી પૂરી પાડે છે, જે ખૂબ જ મહત્વના ઉદ્યોગો રહેલા છે.

આમ, ઘણા બધા ઉદ્યોગો જામનગરમાં રોજગારીનું સર્જન કરે છે અને લોકોને રોજગારી પૂરી પાડે છે. જેમાં સૌથી વધારે રોજગારી આપતો બ્રાસપાર્ટસ ઉદ્યોગે આખા ભારતમાં પોતાની અલગ છાપ ઊભી કરી છે અને વિશ્વના ઘણા બધા દેશોમાં બ્રાસપાર્ટસ નિકાસ કરે છે. આમ, ઉપરોક્ત કોષ્ટકમાં આપણે જામનગરના જુદા જુદા ઉદ્યોગોમાં રોજગારીના પ્રમાણ વિશે વિસ્તૃત ચર્ચા કરી.

**તારણો :-**

(૧) જામનગરના આર્થિક વિકાસમાં બ્રાસપાર્ટસ ઉદ્યોગનો ફાળો સૌથી વધારે રહેલ છે.

(૨) જામનગરમાં બ્રાસપાર્ટસ ઉદ્યોગ અન્ય ઉદ્યોગની તુલનાએ વધારે રોજગારી પૂરી પાડે છે.

(3) જામનગરમાં બ્રાસપાર્ટસ ઉદ્યોગ ઘણો જૂનો અને ઝડપી વિકાસ પામેલો ઉદ્યોગ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## સંદર્ભસૂચિ :-

પંડિત, વ.વ . (૨૦૦૫ .( *ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ જામનગર જિલ્લો.* ગાંધીનગર.ગુજરાત સરકાર :

**Association, J. F. (2018). *1st Replication Workshop- Jamnagar,Gujarat.* Jamnagar: Goverenment Of Jamnagar,GIDC.**

**Faldu, R. (2018, June). Study Of Marketing Challenges Faced by Extrusion Companies in Brass Part Industry. *Indian Journal of Research, 7*(6), 113-115.**

**Pandya, D., & Ghumra, J. (2016). Effect of factory work on Health of Workers in Brass-Industry- A pilot study. *International Journal of Recent and Futuristic Ayurveda Science, 1*(1), 1-7.**

**Solanki, S. (2010). Globalization and its Impact on the Jamnagar Brass Part Industry. *NIET Journal Of Management*, 21-27.**

- **MSME REPORT- 2016-17**
- **www.msme.gov.in**